પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 18-06-2024 **Evening : 7.50 to 8.00**
Day : Tuesday **National News**

આકાશવાણી સમાચાર સંસ્કૃતિ ભૂંડિયા વાંચે છે.

****

- પ્રધાનમંત્રીએ વારાણસીમાં ખેડૂતો માટે 20 હજાર કરોડ રૂપિયા જારી કર્યા .... પીએમ કિશાન સંમાન નિધિનો 9 કરોડથી વધુ ખેડૂતોને 17મો હપ્તો ચૂકવ્યો
- નીટની પરીક્ષાના મામલે સર્વોચ્ચ અદાલતે નાનામાં નાનીભૂલને દૂર કરવાના અવલોકન સાથે નેશનલ ટેસ્ટિંગ એજન્સી અને કેન્દ્ર સરકારને નોટીસ
- આગામી લોકસભાના સત્રને લઇને સંરક્ષણ મંત્રી રાજનાથસિંહના નિવાસ સ્થાને મહત્વપૂર્ણ બેઠક
- નવી દિલ્હીમાં વિજમાંગ આઠ હજાર 8647 મેગાવોટની ટોચની સપાટીએ પહોંચી .. ઉર્જા મંત્રાલય દ્વારા વિજમાંગને પહોંચી વળવા અસરકારક પગલાં
- પશ્ચિમ બંગાળમાં નવી જલપાઇગુડી રેલવે સ્ટેશન પાસે અકસ્માત બાદ ટ્રેનોની અવરજવર સામાન્ય બની... રેલવેએ સલામત મુસાફરી માટે છેલ્લા દસ વર્ષણાં 1.78 લાખ કરોડનો વધારો કર્યો

****

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

PM KISHAN SAMELAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પીએમ સંમાન નિધિ યોજનાનો 17મો હપ્તાની ચૂકવણી કરી હતી. આ યોજના હેઠળ 9.26 કરોડથી વધુ ખેડૂતો માટે 20 હજાર કરોડ રૂપિયા જારી કર્યા.

પ્રધાનમંત્રીએ વારાણસીમાં પીએમ કિસાન સન્માન સંમેલન દરમિયાન આ રકમ જાહેર કરી હતી.

સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા બાદ નરેન્દ્ર મોદીની વારાણસીની આ પ્રથમ મુલાકાત હતી. પાર્ટીના કાર્યકરો દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી મોદીએ સતત ત્રીજી વખત તેમને ચૂંટવા બદલ કાશીના લોકોનો આભાર માન્યો અને કહ્યું કે તેમને લાગે છે કે તેઓ આ ભૂમિના છે. પીએમ મોદીએ કિસાન સંમેલનમાં કેટલાક ખેડૂતો સાથે પણ મુલાકાત કરી અને તેમના ઉત્પાદનોની સમીક્ષા કરી. શ્રી મોદીએ દશાશ્વમેધ ઘાટ ખાતે ગંગા આરતીમાં ભાગ લીધો હતો. બાદમાં કાશી વિશ્વનાથ મંદિરમાં પૂજા અને દર્શન કર્યા હતા. આજે વારાણસીમાં રાત્રિ રોકાણ કર્યા બાદ પીએમ આવતીકાલે નવી દિલ્હી સવારે રવાના થશે.

PM MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મહિનાની 30મી તારીખે પ્રસારિત થનારા આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમ માટે લોકોને વિચારો અને સૂચનો શેર કરવા આમંત્રણ આપ્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દરેકને MyGov ઓપન ફોરમ, નમો એપ પર લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 દ્વારા સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે. આગામી એપિસોડ માટેના તમામ સૂચનો આ મહિનાની 28મી તારીખ સુધી સ્વીકારવામાં આવશે.

30મી જૂને પ્રસારિત થનારો 111મો એપિસોડ હશે . શ્રી મોદી સતત ત્રીજી મુદત માટે પ્રધાનમંત્રી તરીકે પુન: ચૂંટાયા બાદ પ્રસારિત થનારો આ પ્રથમ એપિસોડ

હશે. મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે. એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું લાઈવ સ્ટ્રીમિંગ કરવામાં આવશે. આકાશવાણી હિન્દી પ્રસારણ પછી તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરશે.

RAJNATH MEETING

ભાજપના વરિષ્ઠ નેતાઓ અને કેન્દ્રીય પ્રધાનોએ નવી દિલ્હીમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહના નિવાસસ્થાને બેઠક કરી હતી. કેન્દ્રીય મંત્રી મનોહર લાલ, ધર્મેન્દ્ર પ્રધાન, કિરેન રિજિજુ, ડૉ. એસ. જયશંકર અને ચિરાગ પાસવાન આ બેઠકમાં સામેલ થયા હતા. આ મહિનાની 24મી તારીખે યોજાનાર સંસદના આગામી સત્ર પહેલા આ બેઠક યોજાઈ હતી.

સત્ર દરમિયાન, નવા ચૂંટાયેલા સભ્યોના શપથ, પ્રતિજ્ઞા અને લોકસભા અધ્યક્ષની ચૂંટણી યોજાશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકને સંબોધન અને તેમના સંબોધન પર ચર્ચા પણ સત્રમાં થશે. રાજ્યસભાનું સત્ર આ મહિનાની 27મી તારીખથી શરૂ થશે. સંસદનું સત્ર આવતા મહિનાની 3 તારીખે પૂર્ણ થશે.

SC NEET

સુપ્રીમ કોર્ટે આજે નેશનલ ટેસ્ટિંગ એજન્સી અને કેન્દ્ર સરકારને NEET-UG 2024ની પરીક્ષાના આયોજનમાં પેપર લીક અને ગેરરીતિનો આરોપ લગાવતી અરજીઓ પર નોટિસ જારી કરી છે.

સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું કે નાની બેદરકારી સામે પણ કાર્યવાહી કરવાની જરૂર છે. જસ્ટિસ વિક્રમ નાથ અને એસવીએન ભાટીની ખંડપીઠ

દ્વારા આ મામલાની સુનાવણી દરમિયાન અવલોકન કરતા જણાવ્યુ હતું કે અત્યંત બારિક બેદરકારીને પણ સંપૂર્ણ રીતે નાબૂદ કરી દેવી જોઈએ.

આ મામલે આગામી સુનાવણી 8મી જુલાઈના રોજ રાખવામાં આવી છે. સર્વોચ્ચ અદાલતે એમ પણ કહ્યું હતું કે નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ (અંડરગ્રેજ્યુએટ)-2024 પરીક્ષાને લગતી અરજીને વિપરીત ન ગણી શકાય. સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે ભૂલોને પણ સુધારવી અત્યંત જરૂરી છે. સુપ્રીમ કોર્ટે પુનરોચ્ચાર કર્યો હતો કે તે NEET કાઉન્સેલિંગ પર રોક લગાવશે નહીં.

SC LOK ADALAT

પડતર કેસોના નિકાલ માટે સુપ્રિમ કોર્ટ 29 જુલાઇથી 3 ઓગસ્ટ સુધી એક વિશેષ લોક અદાલતનું આયોજન કરશે. સર્વોચ્ચ અદાલતની સ્થાપનાના 75માં વર્ષમાં વિશેષ લોક અદાલતનું આયોજન કરવામાં આવશે.

એક નિવેદનમાં, સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે લોક અદાલતો એ દેશની ન્યાયિક પ્રણાલીનો એક અભિન્ન ઘટક છે, જે વૈકલ્પિક વિવાદ નિરાકરણને ઝડપી બનાવવા અને સૌહાર્દપૂર્ણ સમાધાનને પ્રોત્સાહન આપે છે..

વૈવાહિક વિવાદો, મિલકતના વિવાદો, મોટર અકસ્માતના દાવાઓ, જમીન સંપાદન, વળતર, સેવા અને મજૂરી સંબંધિત કેસ જે સર્વોચ્ચ અદાલત સમક્ષ પડતર છે તેવા કેસો આ લોક અદાલતમાં સમાધાન માટે રજૂ કરાશે.

MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો.

DELHI POWER DEMAND

દિલ્હીની પીક પાવર ડિમાન્ડ 8 હજાર 647 મેગા વોટની અત્યાર સુધીની સૌથી ઉંચી સપાટીએ પહોંચી ગઈ છે. રાષ્ટ્રીય રાજધાનીના ઈતિહાસમાં આ વિજમાંગ અત્યાર સુધીની સૌથી વધુ છે. ડિસ્કોમના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગયા મહિનાની 22મી તારીખે દિલ્હીની પીક પાવર ડિમાન્ડ પ્રથમ વખત આઠ હજાર મેગા વોટની હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે દિલ્હીની પીક પાવર ડિમાન્ડ અત્યાર સુધી આઠ વખત આઠ હજારના આંકને વટાવી ગઈ છે. BSES રાજધાની પાવર લિમિટેડ અને BSES યમુના પાવર લિમિટેડે પોતપોતાના વિસ્તારોમાં વીજળીની માંગ પૂરી કરી છે.

બીજીતરફ વીજળીની વધતી માંગને પહોંચી વળવા પર્યાપ્ત વીજ પુરવઠો ઉપલબ્ધ કરાવવા માટે ઊર્જા મંત્રાલય વ્યાપક પગલાં લઈ રહ્યું છે. મંત્રાલયે માહિતી આપી છે કે ઉત્તરીય ક્ષેત્રમાં 89 ગીગાવોટની અત્યાર સુધીની સૌથી વધુ પીક ડિમાન્ડ ગઈકાલે સફળતાપૂર્વક સંતોષાઈ હતી. આ વિસ્તારની વીજ જરૂરિયાતના 25 થી 30 ટકા પડોશી પ્રદેશોમાંથી વિજળી આયાત થઇ રહી છે.

તમામ પાવર જનરેટ કરતી કંપનીઓને સંપૂર્ણ ક્ષમતાની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે તેમના પ્લાન્ટને તંદુરસ્ત સ્થિતિમાં રાખવાની સલાહ આપવામાં આવી છે. વધુમાં, કોલસા આધારિત થર્મલ સ્ટેશનો પર પર્યાપ્ત કોલસાનો સ્ટોક રાખવામાં આવી રહ્યો છે.

TRAIN ACCIDENT NORMAL

નવી જલપાઈગુડી સ્ટેશન નજીક દાર્જિલિંગ જિલ્લાના રંગપાની સ્ટેશન પાસે ગઈકાલે થયેલા ટ્રેન દુર્ઘટના સર્જાઇ હતી જેમાં નવ લોકોના મોત થયા હતા.. આ અકસ્માતને કારણે અહીંનો રેલ વ્યવહાર ખોરવાયો હતો.. પરંતુ હવે આ રેલવે ટ્રેક પર ટ્રેનોની અવરજવર પૂર્વવત થઈ ગઈ છે. નોર્થઇસ્ટ ફ્રન્ટિયર રેલ્વેએ માહિતી

આપી હતી કે અવધ આસામ એક્સપ્રેસ સવારે લગભગ 10:42 વાગ્યે ડાઉન લાઇનથી આગળ વધી હતી જે આજે સવારે 7:30 વાગ્યે પુનઃસ્થાપિત કરવામાં આવી હતી. અપ લાઇન ગઇકાલે સાંજે 5:40 વાગ્યે પુનઃસ્થાપિત કરવામાં આવી હતી.

RAILWAYS-SAFETY MEASURES

વર્ષ 2014 થી 2024 દરમિયાન રેલ્વે સુરક્ષા સંબંધિત કામો પરના ખર્ચમાં 1.78 લાખ કરોડનો વધારો થયો છે. અગાઉ 2004 થી 2014ના સમયગાળામાં આ ખર્ચ 70 હજાર 273 કરોડ રૂપિયા હતો. ભારતીય રેલ્વેએ પુનરોચ્ચાર કર્યો છે કે, વર્ષોથી ઘણા સલામતી પગલાં અમલમાં મૂકવામાં આવ્યા છે અને ટ્રેનની કામગીરીની સલામતીમાં નોંધપાત્ર સુધારો થયો છે. અગાઉના સમાન સમયગાળાની સરખામણીએ છેલ્લા દસ વર્ષમાં ટ્રેન અકસ્માતોની સરેરાશ સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

2022-23માં, સરકારે 45 હજાર કરોડ રૂપિયાના ગ્રોસ બજેટ સાથે રાષ્ટ્રીય રેલવે સેફ્ટી ફંડને વધુ પાંચ વર્ષ માટે લંબાવ્યું છે. મંત્રાલયે જણાવ્યું હતું કે કવચ સિસ્ટમ લગભગ એક હજાર 465 રૂટ કિલોમીટર અને 121 લોકોમોટિવ્સ પર લાગુ કરવામાં આવી છે. લોકો પાઇલટ્સની સતર્કતા સુનિશ્ચિત કરવા માટે તમામ લોકોમોટિવ્સ હવે તકેદારી નિયંત્રણ ઉપકરણોથી સજ્જ છે, અને ધુમ્મસથી પ્રભાવિત વિસ્તારોમાં પાઇલટ્સને GPS આધારિત ફોગ સેફ્ટી ડિવાઇસ આપવામાં આવ્યા છે. એક વેબ-આધારિત IT એપ્લિકેશન વિકસાવવામાં આવી છે જે બ્રિજની ચોવીસ કલાક માહિતી પ્રદાન કરે છે.

WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે સાંજથી ઉત્તર-પશ્ચિમ અને પૂર્વ ભારતમાં તીવ્ર ગરમીના મોજાની આગાહી કરી છે. આકાશવાણી ન્યૂઝ સાથે વાત કરતા આઈએમડીના વૈજ્ઞાનિક સોમા સેન રોયે કહ્યું કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવ હેઠળ ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં વરસાદ થઈ શકે છે. તેમણે ઉમેર્યું હતું કે

આવતીકાલથી દિલ્હીમાં એલર્ટને ઘટાડીને 'ઓરેન્જ' કરવામાં આવશે. નેશનલ કૅપીટલમાં પણ પ્રિ-મોન્સૂન વરસાદની શક્યતા છે.

દરમિયાન, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ અને ઉત્તર પૂર્વ ભારતમાં આગામી બે-ત્રણ દિવસ દરમિયાન અતિ ભારે વરસાદ વરસી શકે છે.. આગામી પાંચ દિવસ દરમિયાન દક્ષિણ ભારતમાં વાવાઝોડું, વીજળી અને તેજ પવન સાથે ભારે વરસાદની શક્યતા છે.

CHESS ARJUN EREGASI

ભારતના સર્વોચ્ચ રેટેડ ચેસ પ્લેયર ગ્રાન્ડમાસ્ટર અર્જુન એરિગાસીએ આર્મેનિયામાં સ્ટેપન અવજ્ઞાન મેમોરિયલ 2024નો તાજ જીત્યો છે. તેલંગાણાના 20 વર્ષીય ચેસ ખેલાડીએ આઠમા અને અંતિમ રાઉન્ડમાં રશિયન જીએમ વોલોદર મુર્જિનને 63 ચાલમાં હરાવીને છ પોઈન્ટ મેળવ્યા હતા. આ જીત સાથે તેની પાસે 1.5 પોઈન્ટની અજેય લીડ છે.

ટૂર્નામેન્ટના અંતિમ રાઉન્ડમાં અર્જુનનો મુકાબલો આર્મેનિયાના જીએમ મેન્યુઅલ પેટ્રોસ્યાન સામે થશે.

આ જીતે અર્જુનને કારકિર્દીના ઉચ્ચ લાઇવ રેટિંગ નંબર 4 પર પહોંચવામાં પણ મદદ કરી.